**ક્રિમીનલ કેસ નં. ૧૬૪૭ – ૨૦૨૬**

**આંક– ૩ લગત હુકમ**

**પ્રોહી.એકટની કલમ–૬૬(૧)બી તથા એમ.વી.એકટની કલમ–૧૮૫ મુજબના ગુનાનાકામે આંક– ૦૩ થી આરોપીને ડીસ્ચાર્જ કરવાની અરજી લગત હુકમ**

---

**(૧)** ફરીયાદ પક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે, આરોપીએ ચાર્જશીટમાં વર્ણવેલ મુજબનોપોહી.કલમ–૬૬(૧)બી તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૫ મુજબનો ગુનો કરેલ હોઈ તે રજીસ્ટર કરી તપાસના અંતે આરોપી વિરૂઘ્ધ ઉપરોકત ગુન્હા અંગનું ચાર્જશીટ કરેલ. ત્યારબાદ આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં પોલીસ તપાસની નકલો વિના મુલ્યે મળ્યાની ખાત્રી કર્યા બાદ આરોપી તરફે **આંક– ૩** થી ડીસ્ચાર્જ અરજી રજુ કરવામાં આવતા તેને વંચાણે લીધેલ છે તથા અરજી લગત એ.પી.પી.શ્રીનો શેરો ઘ્યાને લઈ દલીલો પણ સાંભળેલ છે. આ કામે હાલની અરજીનો નિર્ણય કરતા અગાઉ ગુજરાત પ્રોહીબીશન એકટની જોગવાઈઓ ઘ્યાને લેવી જરૂરી છે, જે નીચે મુજબ છે.

સદરહું કામે આરોપીનો બ્રેથ એનાલાઈઝર ટેસ્ટ થયેલ નથી અને આરોપી ના લોહીમાં 0 mg. Per 100 ml. કરતા વધુ આલ્કોહોલનું પ્રમાણ મળી આવેલાનું દર્શાવતો કોઈ ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીનો કોઈ પણ રીપોર્ટ પણ આ કામે રજુ થયેલ નથી.સને ૨૦૧૯ ના મોટર વ્હીકલ એકટના સુધારા પહેલા બ્રેથ એનાલાઈઝર ટેસ્ટ એમ.વી. એકટની કલમ–૧૮૫ ના ગુન્હા માટે જરૂરી અને આવશ્યક હતો. ૨૦૧૯ ના એમેન્ડમેન્ટ બાદ બ્લડ ટેસ્ટ પણ ચાલી શકે છે. હાલના કિસ્સામાં આરોપીનો બ્રેથ એનાલાઈઝર ટેસ્ટ થયેલ નથી અને આરોપીના બ્લડમાં નિયત માત્રા કરતા વધુ પ્રમાણમાં આલ્કોહોલનું પ્રમાણ મળી આવ્યા અંગેનો કોઈ ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીનો રીપોર્ટ ચાર્જશીટ સાથે સામેલ રખાવેલ નથી.

**(૨)** સદર કામે નામદાર ગુજરાત રાજ્ય કાનુની સેવા સત્તા મંડળ અમદાવાદ ના પત્ર જાવક નં. GSLSA/3492/2021 તા.22/12/2021 અન્વયે પત્રમાં જણાવ્યા મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે અને નામદાર ગુજરાત રાજ્ય કાનુની સેવા સત્તામંડળ, અમદાવાદ તરફથી મળેલ સુચનાઓ મુજબ હુકમ કરવામાં આવેલ છે.

**(૩)** ઉપરોકત કાયદાકીય જોગવાઈઓ ઘ્યાને, વંચાણે લેતાં તથા આ કામે ફરીયાદીની ફરીયાદની હકીકતને ઘ્યાને લેતાં મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૫ માં પુરવાર કરવા માટેના જરૂરી તત્વો જણાઈ આવતાં નથી. વઘુમાં આ કામે તપાસ કરનાર અમલદારે ચાર્જશીટ સાથે ફોર્મ–બી અને ફોર્મ–સી રજૂ રાખેલ નથી. જેથી આરોપી એ કલમ–૬૬(૧)(બી) મુજબ કેફી પદાર્થનો ઉપયોગ કરેલ છે કે કેમ તેમજ ૬૬(૨) મુજબ લોહીમાં આલ્કોહોલનું પ્રમાણ ૦.૦૫ થી વધારે છે કે ઓછું છે તે પણ રેકર્ડ ઉપર નથી તેમજ આરોપીનું લોહીનું સેમ્પલ એફ.એસ.એલ. કચેરી ખાતે બ્લડ ટેસ્ટ રૂલ્સ પેટા કલમ–૨ મુજબ સાત દિવસની અંદર પહોં ચેલ છે કે કેમ તે પણ સદર કામનું રેકર્ડ જોતાં ફલીત થતું નથી.

આમ, આ કામેના પ્રોહીબીશન એકટનીકલમ–૬૬(૧)બી ગુન્હાની હકીકતની ચોકસાઈ માત્ર ફોર્મ–સી ઘ્વારા થઈ શકે તેમ હોય જે ફોર્મ–સી આ કામે રજૂ રાખેલ નથી.ઉપરોકત ચૂકાદાને ઘ્યાને લેતાં તથા કેસની હકીકત ઘ્યાને લેતા આરોપી સામે તહોમતનામું ફરમાવી કેસ આગળચલાવવાનો કોઈ અર્થ રહેતો ન હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: <u>આખરી હુકમ</u> ::**

(૧) આ કામ નાઆરોપી– **શ્રેણીકભાઇ પ્રતાપભાઇ બારીયા, ઉ.વ. ૪૫, રહે: જેસિંગપુરા, તા. બોડેલી, જી. છોટાઉદેપુર** વાળાને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૯ (બી.એન.એસ.એસ એકટની કલમ–૨૬૨) અન્વયે તેઓની સામેના **પ્રોહી. એકટની કલમ– ૬૬(૧)બી તથા એમ.વી.એકટની કલમ–૧૮૫** મુજબના ગુન્હામાં થી બીન તહોમત છોડી મુકવાનો હુકમકરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજ રોજ તા. ૧૧ મી, માહે– જુલાઇ , સને– ૨૦૨૬ ના રોજ વાંચી, સંભળાવી, મારી સહી કરી, ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

સ્થળ : બોડેલી

તારીખ : ૧૧ / ૦૭ / ૨૦૨૬

(સલીમઅલ્તાફ નેમતુલ્લાખાન ઘાસુરા)
અધિક ચીફ જયુ.મેજી.બોડેલી.
કોડ નં.જી.જે.૦૦૮૯૬